ચિત્ર સાથે





[illegible]

કિમત ૩.૦ ૨ ૬





૪૯૭૭

શ્રી

લીલાવતી ચરિત્ર.

રચનાર

S. S. C. A. R.

છપાવી પ્રગટ કરનાર.

ભીખાભાઈ છગનલાલ પટેલ.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦.

અમદાવાદ

પાનકોરને નાકે ધાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપી.

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨.

કીંમત રૂ ૦-૨-૬.

પ્રેમની પરિશીમા.

મોક્ષ હીતં નાવ નાગરીકાનો વિયોગી મીત્ર.

દોહરો.

શેષ વદુ શ્રાતા સમે, ઠરી ચિત્ત આ ઠામ;
સાચો મિત્ર તું ગાહરો, રાખીશ તારૂં નામ.
ભાગ્યવંત તે ભોગવી, ઇચ્છયું સ્વર્ગનું સુખ;
ચંદની પ્રિત ચકોરીએ, દહન કરી દઈ દુખ.
રમત ગમતમાં સૌ ગઇ, મળી પ્રેમની પ્રિત;
લખવાને લેખું નથી, અહોનિશ ચળતું ચિત્ત.
મળી રહ્યા બે મોહથી, દાખું હું દશ વરશ;
વા'લ તજી થયો વેગળો, દરદે એકાદશ.
રજ પણ રોષ ધર્યો નહીં, તમે દોસ્ત દીલદાર;
નકિત્તમ અર્પું નામ આ, પોથી પુસ્તક દ્વાર.
લક્ષ વસા લાધે નહીં, સ્નેહી તુજ સગાન;
તે માટે જગ જાણવા, કરૂં ગુણનું ગાન.

સં. ૧૯૪૬ ના શ્રાવણ કૃષ્ણ દ્વાદશીની
કાળરાત્રી.

લી૦ હુંછું તમારો વિયોગી


सदाकृण शेठ.
सेजलदे शेठाणी.
सुमतिविलास

લીલાવતી ચરિત્ર.

મંગળાચરણ.

સુત્રધાર—(રંગભૂમિમાં આવી પ્રભૂની પ્રાર્થના કરે છે).

"જોતું ખ્વારી ચાહે સારી"—ટેક

જય જય સંખેશ્વર સુખદાતા, શેવા માંગુ હું હર્નીશ.
તુજ ગુણ ગાતા દુઃખ સહુ જાતાં, દીન સેવકના આનેદીશ.
હોય કદી જો વંક, તોય પણ રંક જાણી નવ કરશો રીશ.
શેવક થાપી વાંચ્છીત આપી, પૂર્ણ કામના કરજો ઈશ.
સાહ્ય આ સમે, તાત ઘો તમે; ગ્રન્થ ગુંથવો, એ મુને ગમે.
અતિમતી નથી, સત્ય કહું કંઈ; વીવેક વાણી ઘો,
શશિ સુત નામે છે શિવ. જય જય.

પ્રકરણ ૧ લું.

સુત્રધાર—(રંગભૂમિ મધ્યે આવી) અહો! શ્રોતાજનો આ જંબુદ્વીપના, ભરતક્ષેત્રને વિષે, કૌશાંબી નામાં નગ્રીમાં, ધનાઢ્ય શેઠ. સદાફળના સુત સુમતિવિલાસની લલના, "લીલાવતી" એ પોતાના પતિને વેસ્યા વ્યસનથી નિષેધી કેવિ રીતે કળા કેળવી, પોતાના પાસમાં પકડી, પ્રિતમને પોતાનો કીધો, તેનો સારાંશમાં અધિકાર, શ્રવણ કરાવવા ઉત્કંઠીત થએલો જે હું, તે સર્વ સદ્ગ્રહસ્થોને, નમ્રતા પૂર્વક વિનંતી કરી કહું છું કે, એકાગ્રહચિત્તે શ્રો-

વણુ કરી શેવકને કૃતાર્થ કરશો, આ સાંભળી વિદુષક આ-
વી કહેવા લાગ્યો?

વિદુષક— **ગીતી.**

સુત્રધાર સંભળાવે, તો મારૂં મન આ વખતે માને,
ઈનામ કેડે તે આપું, યાદ કરે આ બાહાદુર બંદાને;
ઊંચે નિચે આવે, આ જો કાળજુ હું પકડી રાખું;
તેમ રહ્યું સુણવાને, ડાચાં ફાડી જન મંડળ આખું.

સુત્રધાર— **ગીતી.**

તો સાંભળ તું ભાઇ, શેઠ સદાફળના ઘરની વાતો;
કાન દઈ કેરાણે, કથન સુણી તું થા ગન રળીઆતો.

વિદુ—વારૂ ભાઈ હું તો આ સાંભળવા બેઠો પણ
તું બાડકેશમાં? એમ કહી કાન દઇ સાંભળવા બેઠો, તેટ-
લામાં સદાફળ શેઠે પોતાની સ્ત્રી સેંજલદેને પુછયું?

સદાફ—કેમ પિયા? હવે આપણો સુમતી સુધર્યો ખરો.

સેંજલ—(કરમે હાથ દઈ બોલ્યાં) શું મારૂં કપા-
ળ? સ્વાર્થીઆની સોબતમાં તો શાવ નિર્લજ નિવડયો છે.
હવેથી તો તેની સોબત તજાવે તો ઘણુ સારૂં,

સદાફ—(બોલ્યાં) ઠીક છે. આવવાદે સાળા સ્વાર્થી-
આને પછી તેની વાત, તેવામાં સ્વાર્થીઆને આવતો જોઈ
શેઠાણી બોલ્યાં?

શેંજલ—લ્યો આ બહુ કમાઊ આવ્યાં જોયાં કે
આ સાંભળી તરતજ શેઠે સ્વાર્થીઆને ધમકાવી કહ્યું?

સદાફળ— **ગીતી.**

તજને સ્વારથીઆ તું, સાફ કહું છું સોબત સુમતિની,
આજ પછી જો જાણી, નકી મોકલું પાસે પુરોહિતની.

સ્વાર્થી— ગીતી.

ભલે શેઠજી ભૂલ્યો, આ ચાલ્યો હું તો મારગ મા'રે;
પણ સુમતી સાચવજો, તમે કહ્યું તો હું કહું છું ત્યારે.

સ્વાર્થીઓ સુમતિવિલાસને સોધતો ચોક બજાર તરફ એકઠો થયો તેવારે સ્વાર્થીઆને, સુમતિએ પુછ્યું.

સુમતિ—કેમ ભાઈ આટલી બધી વાર કયાં લાગી? તે વારે સ્વાર્થીઓ બોલ્યો.

સ્વાર્થી—અરે ભાઈ હુંતો તમારા ઘેર તમને બોલાવા ગયો હતો, પણ તમે મળ્યાં નહીં.

સુમતિ—વારૂં ઠીક થયું, આપણે અત્રે મળ્યાં તે, બોલ હવે કેની તરફ ફરવા જવાનો ઈરાદો રાખે છે.

સ્વાર્થી—સાહેબ મને પુછો તો આ વારાંગનાઓના મેહેલ તરફ જોવાની મજે સારી છે પણ મારૂં અંગરખું મેલું છે.તેથી મારાથી તો અવાશે નહીં,માટે આપ એકલા જાવ.

સુમતિ—મૂર્ખ, અંગરખું મેલું છે તો મારૂં પેહેર મારાથી તો એકલું જવાયજ કેમ.

સ્વાર્થી—વારૂં શેઠ લાવો ભલે તમારૂં પણ મન રાખવું એમ કહી બંને જણ ફરતાં ફરતાં કામસેના નામની વારાંગનાના મહેલ નીચે આવી ઊભા રહ્યા. કામસેના ઝરૂખેથી સુમતિવિલાસનું સ્વરૂપ જોતાંજ અત્યંત મોહ પામી. પોતાની સખી કળાવતીને કેહેવા લાગી.

કામસેના— (ગીતી.)

એ આવે અલબેલો, છેલ છબીલો છેતરી અહીં આવે;
તો મમ મનડું માને, એ વિણુ મુજને અન્ન નહીં ભાવે.

કળાવતિ—(પોતાની સખીને મોહના થએલી જાણી બોલી.)

આ ચાલી અલબેલી, હસ્થ ગૃહીને હું ઉપર આવું;
સોબતીઓ સમજાવી, લલીત વચનથી લક્ષ વસા લાવું.

(એમ કહી મેહેલથી નીચે આવી સુગતિવિલાસનો કર પકડી કેહેવા લાગી.

(નિર્બળ શત્રુ સબળ રાજપર) એ રાહ.

ભલે પધાર્યા આપ આંગણે, અલબેલા ઉપર આવો;
બાવરી બાઈ બનાવી બાળા, જોર કરીને કયાં જાવો.
ચાલો આવો મારી સાથે, છોડી સોબતીનો સંગ;
રોજ રમો રામા સાથે, પોઢીને પલંગ.
આશાની નિરાશા કરો, રંગનીના ભંગ. ચાલો૦ ભલે૦

આ સાંભળી સુગતી તો, તરત શરમિંદો થઈ. નિચે ભૂસામી દ્રષ્ટિ કરી ઉભો રહ્યો, તે વારે સ્વારથીઆએ સુમતીને કહ્યું.

સ્વાર્થી— (તુનકુમલાજી અરવા) એ રાહ.

શેઠ શાને શરમાઓ, છો મિત્ર મારા. ટેક.
જાઓ ખુશીથી ખોટી ના થાશો, મળો પ્રેમીને પ્યારા. મળો.
મિત્ર તમારો નહીં કહેનારો, આજે કૃત્ય તમારા,
આપો અંગુઠી જમવા જવું છે, તમે શેઠજી સારા.

સુગતીવિલાસ તરતજ અંગુઠી કાઢી સ્વાર્થીઆના હાથમાં મુકી બોલ્યો.

સુમતિ— ગીતી.

આ લેને અંગુઠી, આંગળીએ ઘાલીને જા જમવા;
કોઈ મુખે ના કેહેજે, કામ આપણું આદરીએ આવાં.

વીંટી લઈ સ્વાર્થીઓ સુમતિને સલામ કરી બોલ્યો? શેઠ સાહેબ હું હવે રજા લઊં છું આપ સાહેબ ભલે ગુણકાના ઘર ભણી પધારો એમ કહી સ્વાર્થીઓ રસ્તે ચાલતો થયો રસ્તામાં ચાલતો સ્વાર્થીઓ ખુશી થતો મનમાં કહેવા લાગ્યો.

સ્વાર્થી—આહા? આજે તો ઘીના ગણેશ બેઠા, વિંટી આવી છે તે વેચી ખાઇ પીઇ મોજ મઝા ઉડાવિશું આવા પૈસાદાર લોકના પુત્રને ફોસલાવી પટાવી ખીસ્સા ખાલી ન કરીએ તો આપણું ઉદર તે કેમ ભરાય, આ દુનિઆમાં પૈસા પૈસા પૈસા? પૈસા વિના કોઇ પીતરાઈ થવા આવે તેવું નથી. વળી કહ્યું છે કે?

(પૈસે પૈસે પૈસે તેરી અજબની) એરાહ.

જર વિના નર ખર સમ જાણો, કષ્ટે તેની કાયા,
સગા સહોદર મિત્ર માનની ઘરે ન મનથી માયા;
દામ વિના સન્માન મળે નહીં, દમડી વાળાં ડાહ્યાં,
હોય મૂરખ પણ એ સૌ ઉત્તમ, આ જગમાં ગવાયાં.
મૂરખ જરથી મોટા, મોટાં જર વિણ ખોટાં,
વસુ વિના નર પશુ ગણાયાં, આજગમાં જે જાયાં. જર.

માટે ચાલ જીવ જે થયું છે તે ઠીકજ થયું છે, એમ કહી જવા માંડે છે; તેટલામાં રામોને મોદકીઓ સુમતિને સોધતાં સોધતાં ત્યાં આવિ પહોચ્યાં, સ્વાર્થીઆ સાથે સુમતિને નહીં જોતાં રામો સ્વાર્થીઆનું કાંડું ઝાલી બોલ્યો.

રામો—અલ્યા સ્વાર્થીઆ સાચું બોલ્ય શેઠને કયાં સંતાડ્યા છે. મોદકીઓ પણ તેની જોડેજ બોલ્યો.

મોદકી—સાળા તારી સાથે હતા ને ક્યાં ગયાં. સત્વર બોલ નહી તો બંબજાવું છું.?

સ્વાર્થીઓ—(ક્રોધ કરી બોલ્યો) શાળાઓ તમારે પારકી શી પંચાત છે લ્યો આ રૂપીઆને થાવ રાજી,ઘણું કરશો તો ઘેર જશો, આ રોફથી બંને જણ નહીં ડરતાં તેનું કાંડુ ઝાલી બોલ્યા.

રામો-મોદકી--સાળા હાલ્ય શેઠ પાંહે પછી તારી વાત એમ કહી બંને જણ સ્વાર્થીઆને શેઠ પાસે લઇ ગયાં.

અહીંઆ સુમતિવિલાસના પ્રેમનો દ્રઢ નિશ્ચય જોઈ કામસેના સુમતિ પ્રતે કહેવા લાગી,

કામસેના—અહો પ્રાણનાથ! આપ વિના મુને એક પળ પણ અણગમતી થઇ પડે છે. આપના સિવાય આજથી હું અવર પુરૂષ ભ્રાત અને તાત સમાન ગણી ચુકીછું માટે કૃપા કરી હવે પછી હાવોજ પ્રિતિનો રસ પાથરજો.

સુમતિવિલાસ ગુણકાનો ધાડો પ્રેમ પોતાની ઉપર જોઈ બોલ્યો.

સુમતિ--હે પ્રેમી પ્રિયા!, જેમ વાઘણ મૃગને ઘેરે છે તેવિજ રીતે તેમને પ્રિતિ પાસમાં ઘેરી લીધો છે. તેમ તારા મંદ મંદ હાસ્યમાં મારૂં મન મોહી રહ્યું છે. માટે આ કાળાંતરે આપણે કદી પણ વિખુટા પડવાનો વખત આવશે નહી તે ખચિત માનજે પરંતુ સાંભળ.

(ગીતી.)

સમય થયો તેથી હું, હાલ જઈશ ઘર માત પિતા પાસે,
કામસે-ઉપાય કોટી કરશો, નેહ તજીને નાથ શું જવાશે,

સુમ—આ આવ્યો અલબેલી, આ ઘડીએ જઇ આ મંદિર આવું,
કામસે—નાથ નમેરા થઇને, જરૂર આપને ઘટે નહીં જાવું,

વેસ્યાને સમજાવી તરત સુગતિવિલાસ પોતાના બાપ ને ઘેર આવ્યો ને છાનો માનો, શીડી પુઠે સંતાઇ રહી શેઠ શું બોલે છે, તે એક ચિત્તે સાંભળવા લાગ્યો

સદાફ—અલ્યા રામા સુગતિબાઇ હજી સુધી ક્યાં ગયો છે, પુછતાં ને વાર વચમાં મોદકીઓ બોલી ઊઠ્યો ?

મોદકી—શેઠ સાહેબ! આ સ્વાર્થીઆ સાથેજ ગુણકાને ઘેર તેથી રામો પણ હીમ્મત આણી બોલ્યો.

રામો—હા હા શાબ એની સાથેજ આ સાંભળી શેઠાણીનો ગુસ્સો હાથ રહયો નહીં તે જોસથી બોલી ઊઠયાં.

સેંજલદે—સ્વાર્થીઆ મારા પિટયા સાચે સાચું બોલ સુગતિ ક્યાં છે નહી તો હમણાંજ પોલીસમાં પકડાવું છું. સ્વાર્થીઓ બીક આણી બોલ્યો ?

સ્વાર્થીઓ— (ગીતિ.)

પડયો પાસમાં પોતે, વા'લી વેસ્યાની કોટે વળગી.

સેંજ—કેમ નીશેધ કર્યો ના, દાંડ તાહરી દાઢ કાંન સળગી,
મોદકી-તારી સોબતમાં સૌ, દેવાદાર થઇ દેવાળે ડુલે,
સેંજલ—જા કાળું કર્યું તારૂં,..........................
રામો—......................કાઢી મુકો ડાંગ દઇ કુલે,

એમ કહી સ્વાર્થીઆને ધક્કા મારી રામાએ કાઢી મુક્યો. અને આ ધમાધમમાં સુમતિવિલાસ લાગ જોઈ સેઠની તીજોરી ફાડી સર્વ ઘરેણું લઈ ગુણકાના ઘર તરફ પસાર થઈ ગયો.

(પ્રથમ પ્રકરણ સમાપ્ત.)

પ્રકરણ ૨ જું.

કેટલીક વારે, સદાફળ શેઠ, ઓરડામાં જઈ જુવે છે તો તીજોરી ઉઘાડેલી માલમ પડી ને અંદર તપાસ કરતાં જુવે તો કાંઇ મળે નહીં- તેથી સુમતિવિલાસ ઉપર શક જવાથી શેઠાણીને કહેવા લાગ્યાં?

સદાફ-પ્રિયા! આ પુત્રને તે હવે શું કરવું, મારી તીજોરીમાંથી તમાંમ ઘરેણું લઈ ગચ્છંતિ કરી ગયો છે તેની દુગ્ધામાં તો મારૂં દીલ અહોનિશ અગ્નિની પેઠે તપ્યા કરે છે.

સેંજ-સ્વામીનાથ? હાય? આપણા પ્રારબ્ધનોજ વાંક પૂર્વે જેવા ઉપાર્જન કર્યા છે, તેવાજ ફળ પ્રાપ્ત થવાના છે પ્રથમથી કાંઇ વિચાર્યું નહીં, ને છુટો મુકયો, તો પાછળથી પસ્તાવો કરવો તે સર્વ નિર્થક છે. માટે ભાવિભાવ હશે તે બનશે આ વાત થાય છે, તેટલામાં સુમતિવિલાસ અજાણ્યો થઇ, પોતાના માતપિતા આગળ આવી ઉભો રહયો, સુમતિવિલાસને અંદર પ્રવેશ કરતાં ને વાર શેઠાણી માતૃભાવને લીધે એકદમ બોલી ઉઠયાં?

સેંજલદે— (ગિતિ)

બાલ્ આવ્યો તું ભાઇ, સમજુ થઇને સમજે તો સારૂં.
સદાફ-નથી નારૂં કે કારૂં, વારીઘડીએ શું કહીએ વારૂં.
સુમ-હાહા? હું જયાં જઊ છું. ત્યાંતો જાણજો જરૂરે જવાનો;
મરશો માથું પટકી, પણ તમથી નહીં રોકયો રહેવાનો.
સદાફ-મુકી મર્યાદા તે, નફ્ટ નિવડયો કુળમાં અંગારો.
સુમ-આ ચાલ્યો હું મારે, સોધી લાવજો હવે બીજો સારો.

એમ અપમાન કરી તરતજ સુમતિવિલાસ ગુણકાના ઘર તરફ ચાલતો થયો, આ દેખાવથી શેઠાણી આંસુપાત કરતાં થકા શેઠને કહેવા લાગ્યાં.

સેંજલ— (ગીતી)

કેમ કરીશું કોહોને, વહી ગયો આ કપુત્ર વઠેલો.

સદાફ—દરબારે દોરાવું, છાની રહેને ઉપાય છે છેલો.

એમ કહી તરતજ શેઠ લુઘડાં પેહેરી રાજ કચેરીમાં આવ્યા ને છડીદારને બોલાવી કહ્યું.

છડીદાર, મહારાજાને કહે કે, બહાર સદાફળ શેઠ આવેલા છે. તે આપને, મળવા રજા માંગે છે, આ સાંભળી, છડીદાર તરતજ મહારાજાને આવી કહેવા લાગો.

છડી—મહારાજાને ઘણી ખંમા બહાર સદાફળ શેઠ આવેલા છે. તે અંદર આવવાની રજા માગે છે.

સુરસેન—ચોપદાર જા, તેમને સત્વર "પ્રવેશ કરાવ" મહારાજાની રજા છે? એમ કહી ચોપદાર શેઠને રાજ્યકચેરીમાં લઈ ગયો સદાફળ, કચેરીમાં દાખલ થઈ, મહારાજાને નમન કરી દ્રિ કરજોડી ઉભા રહ્યા, તે વારે મહારાજા સુરશેને, શેઠને કહ્યું—

સુરશેન—અહો શ્રેષ્ટિ, તમારૂં આજે રાજ સભામાં કેમ આવાગમન થયું છે. તેવારે શેઠે નમન કરી જવાબ દીધો.

સદાફળ— (ગિતી)

મહારાજા છે મા'રી, એક અરજ તે આપ ઉરે ધરશો;
ગુણકાના ઘરમાંથી, પુત્ર અપાવી કૃપા મને કરશો;
મહારાજા એજ મારી અરજ છે.

સુરસેન—

જોર જુલમથી જ્યારે, તમે શેઠજી તે લેવા માગો;
વાંક નથી વેસ્યાનો, નફટ નિવડયો તુમ સુત જે નાગો.
પણ અપરાધી વેશ્યા, કોહોને શેઠજી શું તેને કેહેવું.
કર્મ કરે તે સેહેવું, ન કહી કોને, મન સમજી રેહેવું.

સદાફ— (નીરાસથઈ)

હવે કરૂં શું હાગે, વેસ્યા વાત્રણથી હું નહીં ફાવું.
સુર–ચાલો શેઠ શરમથી, વળી સમજે તો હું પણ સમજાવું.
(તે વારે સચિવ બોલ્યો)
સચિ–આપ શ્રમ શિદ લ્યોછો, હજુર હુકમતો હસ્ત ગૃહી લાવું.
સુરસે–ગાવ શેઠજી સાથે, અપાવજો શું શાણા સમજાવું.

તેટલામાં વિદુશક **રાજ કચેરી**ની વચમાં આવી મહારાજાને કહેવા લાગ્યો.

વિદુ—મહારાજા મા'રી પણ એક અરજ છે જો આપ શ્રવણ કરી શેઠની પેઠે શેવકના દુઃખ દુર કરશો તો મો'ટી મહેરબાની થશે, તે વારે સુરશેનજી બોલ્યાં.

સુરસે–બોલ્ય? વિદુશક તારી શું અરજ છે.

વિદુ— (સાંભળો સાહેબ અજબ તડાકા) એ રાહ.

સાંભળો સાહેબ અરજી મારી, ઘરની ગોરી ત્યાંહી.
અઘોરી અગીયારે ઉઠી, બુકો મારે બાંટી;
દાતણ કર કહેતાતો, આવે લઇ બાવળની સાંઠી.
પિટે આવિને પાછળથી, જાણે નાગણ નાઠી;
કો આવે આંગણ, માગણતો, જોર કરીને ઝાઝી.
વચનોને વરસાવી મુકે, જાણે કુતરી બાઝી;
કાચ કલેડારૂપ કામની, વાંકુ બોલી વઢવું.

ના ફાવે તો ઘરમાં આવી, છેડો વાળી રડવું;
ઘરમાંથી વસ્તુ ચોરીને, બાળકને બઝુડે
હું પુછું તો આવિ કેહે, જા તું તો કાળે મુહે
નાહાવા ધોવાનો નિગ હેવો, રાખ્યો બારે માસે
મહારાજા ભડકીને મરીએ, જાણે ભુંડણુ બાસે
મુગરીના સરખું છે માથું, જુઓ લીખેનું જોર
જાણે ઝાડો પરથી પડીઆ, આંબા મહુડા મોર
વડી ચતુર હેવી છે, મા'રી વા'લી વાઘણ વહુ
એને ઉગમણી બાગોળે, ગરદન મારો સહુ.

આ સાંભળી સર્વ સભા હસવા લાગી બાદ મહારાજાના હુકમથી, સભા બરખાસ્ત કરી, રાજા પ્રધાન, સદાફળશેઠને લઇ, તરતજ, કામસેનાને ઘેર આવ્યા, કામસેનાની સખી આ બંનેને જોતાજ, ધાબરી બની પોતાની સખી કામસેના આગળ જઈ કહેવા લાગી—

કળાવતી—બાઈ સાહેબ રાજા પ્રધાન, સદાફળ શેઠ સાથે આપણે ઘેર પધારે છે, માટે સંભાળીને રહેજો.

કામસેના—સખી તારે જરાપણ ફીકર રાખવી નહી. હું બંનેનું ઓસડ સારી રીતે વાટીસ, એમ વારતા કરે છે, તેટલામાં સચિવજી તથા સદાફળે કામસેનાના રંગ મહેલમાં પ્રવેશ કીધો કામસેના સચિવજીને જોતાંજ માન આપી બોલી—

કામશેના—પધારો સચિવજી, અમ દાશી ઉપર આજ કાંઇ કૃપા દ્રષ્ટિ કરી.

સચિવ—હાં કામસેના આજરોજ તમારૂંજ રાજ તરફથી કામ પડયું છે ને તે હું મહારાજાના હુકમથી તમને નિવેદ કરવા આવેલો છું.

કામસે—ભલે સચિવજી. સુમતિ રહિત જે કાંઈ કામકાજ હોય તે સુખે ફરમાવીએ. હું મહારાજાનો હુકમ ઉઠાવવાને તૈયાર છું.

સચિવ (ગીતી)

હુકમ હજુરનો હેતો, આપો સુમતિ શેઠ સદાફળને.
કામસે—છે, સુમતિ શિર સાટે, મિન જપે છે જેમ મિઠા જળને.

કામસેના— હાવું ન કરો ઠીક—એ રાહ

શાને સંતાપો સચિવા. આનો ન કરો ઠીક—ટેક
પૂરણ પ્રિતિ મારી એથી, જળમીનથી અધિક શાને૦
શેઠની શીફારસ શું લઇ આવ્યા, બતાવી મહારાજાની બિક. શાને૦
છેલ છબીલો હું નહીં છોડું, ચાય ચલાવોને શરીરે આસિક. શાને૦
જોર કરીને જો લેઈ જાશો, તો તો ગરૂ વાલા વિના ઘોળી વિખ. શાને૦
પ્રેમી જશે પાછો નહી આવે, શાખ પુરે શેઠની આ છિંક. શાને૦
પાએ પડી પરધાન કહું છું, પ્રીતીજાળની તોડાવો નહી નિક. શાને૦

સચીવ- (ગીતી)

આ આજ્ઞા ઉત્થાપી, તો પાછળથી પસ્તાવું પડશે.
કામ—ભલે ભૂપ દે સુળી, નકી સચિવજી પછી શું તે નડશે.

આ જુવાબ સાંભળતાનેવાર શેઠ ઉદાસ થઈ રાજ પ્રધાનને કહેવા લાગ્યાં.

સદાફ—ત્યારે શું? સચિવજી તે નહીંજ આપે, કૃપા કરી થોડી મુદતને સારૂ પણાવવા અપાવોતો ઘણું સારૂં પાણી ગ્રહણ કરાવિ હું આપનેજ હવાલે કરીશ શેઠના દીન

વચન શુણી સચિવજીએ ગુસ્સાથી કામસેના પ્રતે કહ્યું—

સચીવ—કેમ કામશેના, શું વિચાર કરો છો સ. ત્વર શેઠ પુત્ર પર્ણાવવાને થોડી મુદત સારૂ શેઠને સોંપો આ હુકમને તમો માન્ય નહી કરો તો મહારાજાની કૃપા દ્રષ્ટિ તમારા ઉપરથી એકદમ દુર થશે તે નકી સમજવું.

કામસે—સચિવજી મહારાજાનો હુકમ હું માથે ચઢાવી, શેઠનો પુત્ર શેઠને સોંપુછું પરંતુ પરણ્યા પછી પાંચ દીવસ પણ પરણી પાસે તે ટકસે તો હું આત્મઘાત કરી પ્રાણ આપીશ તે ખચિત માનજો. અને તેનું પ્રાશ્ચિત તમારા શીર છે, એમ કહી સુમતિવિલાસને રાજપ્રધાન આગળ લાવિ હાજર કર્યો સુમતિવિલાસનો હસ્થ ગૃહી રાજપ્રધાન સદાફળ પ્રત્યે બોલ્યાં.

સચીવ— (ગીતી.)

શાણા શેઠ સિધાવો, જઈ સુમતિને પ્રીતે પરણાવો.
પ્રેમે પિઠી ચોળી, મંગળ ગીતો ઘરમાં ગવરાવો.

એમ કહી સુમતિને સદાફળ શેઠને હવાલે કર્યો.

સુમતિને લઈ શેઠ પોતાને ઘેર આવ્યા ઘરમાં આવતાજ શેઠાણીએ પુછ્યું ?

સેજલદે--કેમ પ્રાણનાથ સિંહ કે શિયાળ?

સદાફળ--પ્રિયા હું પુત્રને લઈનેજ આવેલો છું તું કશી વાતની ચીંતા કરીશ નહીં પરંતુ આપણે જેમ બને તેમ તાકીદે લગ્ન કરી નાખવાં કેમકે પુત્ર વધુ અહીં આવશે એટલે સુમતિ તેના મોહના ફંદમાં પડશે એટલે વેશ્યાને ત્યાં જવાનું નામ દેશે નહીં.

સેંજસદે—હા, પ્રાણનાથ આપનુ કહેવું યથાર્થછે હવે ત્યારે હુંતો લગ્નની સામગ્રી તૈયાર કરૂંછું ને તમે લગ્ન જોવડાવી સત્વર વેહવાઈને પત્ર લખો કે તે પણ તૈયાર રહે.

સદાફળ—વારૂ પ્રિયા જેવી તારી ઈચ્છા! એમ કહી સદાફળ શેઠે વસંતપંચમીનું લગ્ન જોવડાવી સોમદત્ત વેવાઈ ઉપર પત્ર પાઠવ્યો.

હવે કેટલાક દિવસ થયાં લીલાવતીની મા સોભાગ્યવતીએ સદાફળનો પત્ર નહીં આવેલો જાણી પોતાના પતિ સોમદત્ત પ્રત્યે કહેવા લાગી.

સોભાગ્ય—પ્રાણનાથ સદાફળ શેઠને તે કાંઈ શરમ હશે કે નહીં આજ કાલ કરતાં કેટલા દીવસ વ્યતિત થવા આવ્યા આપણે લગ્ન સંબંધી ત્રણ ચાર પત્ર પાઠવ્યા હશે પરંતુ તેમાના એકપણ પત્રનો પ્રતિઉત્તર આપતા નથી હવે તે આપણી લીલાવતીને ક્યાં સુધી મોટી કરીશું ઘોડું તો ઘોડાસરમાં ને દીકરી તો સાસરેજ સોભે.

સોમદત્ત—પ્રિયા! હું તને કહેવુ ભુલી ગયો, હમણાજ ટપાલવાળો શિપાઇ, સદાફળ શેઠનો પત્ર આપી ગયો. તેમાં લખે છે કે, અમોએ વસંત પંચમિનો વિવાહ આદર્યો છે. માટે તમે પણ તૈયાર રહેજો.

સોભાગ્ય—ત્યારે તો પ્રાણનાથ! વસંતપંચમિ તો આ નજીક આવિ.

સોમદત્ત—હા પ્રિયા! ને મારા ધારવા પ્રમાણે તો, જાન નિકળી પણ ચુકી હશે. કારણ કે, પત્ર બે દિવસ આપણને અસુરો પોહોંચ્યો છે.

સાૈભાગ્ય—ત્યો તારે હું વળી ઘરનું કામકાજ સત્વર અટપિ લઉં, ને તમે પણ જાંનીવાસાની ગોઠવણ તૈયાર કરાવો.

સોમદત્ત—વારૂં પ્રિયા લેને હું તો આ જાઉં છું અને બરોબર તૈયારી કરાવું છું (એટલામાં, વાણોતરે દોડતો આવી શેઠને કહ્યું.)

વાણોતર—શેઠ સાહેબ ભાગોળે સદાફળ શેઠની જાન આવિ પુગી છે.

સોમદત્ત—કાંઇ ફીકર નહીં આપણે તાકીદ કરી જાની વાસાનું કામ અટપી લો, હું સગા વાહાલાને લઈ સામૈયું કરી શેઠને જાની વાસે તેડી લાવું છું. એમ કહી સોમદત્તશેઠ તરતજ સગા વાહાલાને લઈ વાજતે ગાજતે ભાગોળે ગયા, ને સદાફળશેઠને એક મેક મળી, જાનના માણસોએ નીચે પ્રમાણે ગાતા ગાતા સારંગપુર શેહેરમાં પ્રવેશ કીધો.

જાનૈયા— (શાકીશરાબ એકીલા) એ રાહ
ચાલો સૌ સાથ, શેઠ સંગાથ.
રામો—ભરવા પકવાનોથી બાથ
મોદ—વેસ્યા જાણશેતો તારી છે વાત
જાનૈયા—વાહ વાહ? છે શેઠ? વાહ? વાહ?
મોદ—લાડુ સમાવિશ ટંકે હું સાત
રામો—ગુબકા ગધેડીની શી છે વિશાત
મોદ—ભાઇ જાણશે તો કાઢશે બાત
જાનૈયા—વાહ વાહ છે? શેઠ? વાહ? વાહ?
મોદ—સુગતિની ફજેતી કરવી શું ફોક

શામો—જેવું હશે તેવું જાણશે લોક
આપણે શોગશો મુકેના પોક

જાનૈયા—વાહ વાહ? છે શેઠ? વાહ? વાહ?

એમ ગાતા ગાતા સર્વે જણા કેટલીકવારે જાની વાસે આવી પોહોચ્યાં, પછી સોમદતે સદાફળને કહ્યું—

સોમદત—શેઠજી લગ્નનું તો આજેજ મહુરત છે ને તે સાંજના સાત વાગતા પહેલાં, હસ્ત મેળાપ કરવાનો છે માટે તાકીદ રાખજો.

સદાફળ—સોમદત વેવાઈ અમો તૈયાર છીએ. તમારી વારે વાર છે. (એટલામાં નાતગોર આવી મુંગ પાડી બોલ્યો)

ગોર—શેઠજી તાકીદ કરો સમય વિતી જાય છે. માટે વરને તોરણે કરવાની તૈયારી કરો.

સદાફ—ગોર મહારાજ અમો તો તૈયાર છીએ તમો કહો તેટલી વાર.

ગોર—ચાલો ત્યારે શેઠજી વરરાજાને તોરણે લેવા દો, એમ કહી તરતજ જાનૈયા સાથે ગોર વરને તોરણે લઇ ગયો, ત્યાં બંને તરફના બૈરાઓએ સારી પેઠે વરઘાડુની ઝડીઓ ઉરાડયા બાદ, સોભાગ્યવતીએ સુમતિવિલાસને પૂંખી મોહેરામાં લીધો, તેટલામાં ગોરે ચોરી તૈયાર કરી વર કન્યાને ચોરીમાં પધરાવી ગોર મહારાજ વેદ ભણવા લાગ્યા.

ગોર—વર કન્યા સાવધાન? વરની માડી સાવધાન? વરનો બાપ સાવધાન? કન્યા માડી સાવધાન? ત્રાંબા કુંડી સાવધાન? મદનફળ સાવધાન નાણા કોથળી સાવધા-

ન, નાતગોર સાવધાન પાણીવળ પીસ્તાળીશનો સમય?

બ્રાહ્મણો—સમય વરતે સમય.

(શાર્દુલ વિક્રિડિત છંદ)

આ કન્યા વરનું અખંડ જગમાં, જોડું રહો જીવતું
ક્રિર્ત્તિલો કર મંડલે રમતમાં, સદૈવદે દૈવતું
સોભાવે સદને સુખાસન સદા, શાંતિ સદા રાખજો
ભૂમંડળ ભવબાર સાર સહિને, કિર્ત્તિ સદા સ્થાપજો

શુભ લગ્ન સાવધાનઃ ઇત્યાદી બોલી વરકન્યાના યથા વિધિ સહિત લગ્ન કરે છે, ત્યારબાદ સોમદત વેહેવાઈ યથા શક્તિ પ્રમાણે પેહેરામણી કરી વર કન્યા જાનીવાસે વળાવે છે, ત્યાં વરને છુટો કરી છેડાબંધન લીલાવતીને, આપી વીદાય કરે છે, લીલાવતીને છેડાબંધન સોંપ્યુ કે, તરતજ લીલાવતીની સખીઓ લીલાવતીને લઈ, પાસેની મેડી ઉપર જઇ હીંચોળાખાટપર બેશી, ખુશાલીથી ગીતો ગાતી હીંચકા ખાવા લાગી–તે વારે ગુણવતી બોલી.

ગુણ—બેહેન હવે તું તો જવાનીજ કે?

લિલા—પ્યારી સખી શાણી થઈને શું પુછે છે, આપણો અસ્ત્રી જાતીનો ધર્મ શું છે, તેવું સારી પેઠે સમજે છે, તથાપી તું કેમ પુછેછે, જ્યાં પતીની કાયા ત્યાંજ આપણી છાયા.

હાવો લીલાવતી જવાબ આપે છે. તેટલામાં દુરથી સુમતિવિલાસને આવતો ગુણવતીએ અને તેની નણંદે જોયો, તેવીજ ગુણવતિ લીલાવતીને કહેવા લાગી.

ગુણવતી—શાણી સખી તું જરાવાર બેસ હું બાહારનીગમ જઈ આ ઘડી આવું છું, જેવી ગુણવતી હેઠી

કે તરતજ તેની નણંદ, લાલબા બોલી.

લાલ—ભાભુ હું પાણી પીઇને આવું છું, એમ કહી તે પણ ચાલતી થઇ, જેવી તે ઉઠીને ચાલીકે લીલાવતીએ તેની પુંઠે જવા માંડયું. તેટલામાં તો સુમતિવિલાસ આવી તેનું કાંડુ ઝાલી બોલ્યો.

સુમતિ— (ગિતિ)

બેસાને શિદ બીહે છે, ચતૂર થઇ શું કરે આમ ચાળાં

લીલા—મુકો કાંડુ મા'રૂં. લાલ આવશે હાઠ તમને કાલાં

સુમ—શું શરમાયે શાણી, જાણી તૂજને ક્રોધ નહીં આવે.

લીલા—એ આવ્યામાં મારી ફોગટ ચાળા અહીં નહીં ફાવે

એમ કહી તરતજ લીલાવતી કાંડુ છોડાવી ચાલતી થઇ.

સુમ—(ક્રોધે ભરાઇ બોલ્યો) (ગીતી)

આ નાગણુ મા બાપે, હું વાદીના કંઠે વળગાડી.


કામ નહીં છે મા'રે, છાંને ગઇ આ વખતે થઈ આડી

આપણે તો હવે સોગનખાંવા વાત છે કે, આ રાંડને ફરીથી બોલાવવી નહીં, એમ વિચાર કરે છે, તેટલામાં તેના પીતા સદાફળે ખાંટો કાઢયો.

સદાફ—સુમતિભાઈ કયાં છે, ચાલો ભાઈ જલદી લ્દી, સૌ સૌની ગાડીમાં બેશી જાઓ, આ સાંભળી સુમતિ તરતજ બહાર આવી બોલ્યો.

સુમ—પીતાજી શો હુકમ છે.

સદાફ—ભાઈ આ રથમાં બેસી જાઓ, એટલે સર્વે ગાડીઓ હાંકવા માંડે, તેટલામાં લીલાવતીને, તેની મા સંખીઓ સહીત રથમાં બેસારવા લાવ્યા, થોડીવાર બેસાઓ


મોતી·
મોતી
સુમતીવિલા
સ·
લીલાવતી
ગોર·
હીંડોળ
સુમતિવિલાસ
લીલાવતી·

સામ સામી ગીત ગાઇ રહ્યા પછી, લીલાવતીની માએ લીલાવતીને કહ્યું.

સૌભાગ્ય—બેન, સાસરે જઇ સર્વે સગાવહાલા સાથે વિનયથી વર્તજે, તને કાંઇ વધારે કહેવું પડે તેમ નથી, તું ઘણી ડાહીને સમજુ છું. થોડા દહાડા કેડે હું તને તરત તેડાવી લઈશ, તું કાંઇ વાતે ફીકર કરીશ નહી. એમ કહેતામાં માતૃભાવને લીધે તેની આંખમાંથી આંસુ ઝરવા લાગ્યાં, તે જોઇ લીલાવતી બોલી.

લીલા—માતુશ્રી આપને આમ કરવું ઘટે નહીં. મારે સાસરે કાંઈ વાતનું દુઃખ નથી, હું જઈને તરત તને પત્રીકા લખીશ, તું કોઈ વાતે દીલગીર થઈશના એમ બંને મા દીકરી મળ્યા પછી બંને વહેવાઈ વેહેવણો મળ્યા, બાદ ખુશાલીના ડંકે, વાજતે ગાજતે કૈશાંબી નગરીએ આવી પોહોચ્યાં

પ્રકરણ ૨ જું સમાપ્ત

પ્રકરણ ૩ જું

સગા વાહાલા સૌને ઘેર આવ્યા પછી વિદાય કીધા બાદ લીલાવતીની સાસુ સેંજલદેએ નીંદ્રાદેવીને વશ થવા સારૂં લીલાવતીને કહ્યું.

સેંજલ—વહુજી આ તમારી એકાંત મેડી છે. ત્યાં જઇ આરામ કરો, કારણ કે રસ્તાના થાકેલાં છો. વળી રાત્રી પણ બહુ ગઈ છે. એમ શીખદઇ લીલાવતીને તેની મેડી

ઉપર મોકલી, લીલાવતી ઉપર જઈ સુતી ને થોડીવાર થઈ કે રસ્તાના શ્રમથી તરતજ નીંદ્રાદેવીને વશ થઇ ગઇ. કેટલીક વારે સુમતિવિલાસ બહારથી ઘરમાં આવ્યો તેને પણ સેંજલદેએ, લીલાવતીની પેઠે, બોધ કરી તેની મેડી ઉપર આરામ લેવા મોકલ્યો, સુમતિવિલાસ ઉપર આવ્યો ને જુવે છે તો લીલાવતીને નીંદ્રાદેવીને વશ થયેલી જાણી પોતાના મનમાં બોલ્યો.

સુમતી—અરે? આ લપ વળી કયાંથી વળગી. આપણેતો આપણી છે, તેજ વા'લી, આને શું ધાડને આપવી છે. વા'લી વેસ્યા મારી વરસાદની માફક વાટ જોતી હશે, હું ત્યાં નહીં જાઊં તો ખચીત તેના પ્રાણની હાની થશે ચાલ આતો ઉંઘી ગઈ છે. ગચ્છંતી કરી જઊં. જાગશે તો વળી ઝોડ વળગશે, એમ કહી લીલાવતીને ઉંઘમાંજ મુકી ચાલતો થયો, થોડીવારે નીંદ્રાથી વિરક્ત થઇ લીલાવતી પોતાના પતીને જોતાં દીઠા નહીં. તેથી બાવરી બની આમ તેમ જોઈ બોલી.

લીલા—અરે પ્રાણનાથ, તમે કયાં છો! કેમ બોલતાં નથી, શું? આતે મજાક સારી ના, ના, મારા સોગન સંતાઇ રહ્યાં હોતો સત્વર પ્રગટ થાવ, મને બીક લાગે છે. મારૂં હૃદય ધડાકા લઇ રહ્યું છે, મેં આપનો શો અપરાધ કર્યો છે, કે, આર્ધાંગનાનો અનાદર કરી ચાલ્યા જાઓછો, (બધે ફરી જોતાં નહીં મળવાથી) અરે હાયા ખરી વાત મારી વેરણ વેસ્યાને ત્યાંજ ગયા હશે, હાય, હાય,

હું સાંભળતી હતી તેજ થયું, હે પ્રભો હવે મારો જન્મારો કેવી રીતે જશે.

(છે આજથી જદુ કુળની, રે' દશા ફરી—એ રાહ)

ન બોલ્યાં પ્રેમી પ્રાણ મા'રાં મુખથી જરી
પે'લા સમાગમે સ્વામી, શું ગયાં હરી. ન બો૦
પંકશો આ રંકતો તે, ધ્યાનમાં ધરી
વા'લા શું વિલોકો વેશ્યા, વા'લી વિસરી ન બો૦
અમૃત પિવા હું આવી, આપની કને
ખારૂં તો મળે ન નિર, જીવતાં જરી. ન બો૦
વ્યભિચારી અવિચારી, આમ શું થયાં;
કંથ કેમ કામનીને, આ કૃપા કરી. ન બો૦
આ કર્મની કથા હું કોને, જઇ હવે કરૂં;
ઊંડા કુપમાં ઉતારી, દીધી છે છરી. ન બો૦
આપના વિયોગે હવે, અલ્પ ના રહું;
ગહિયરે જવું છે હવે, આંથી નિસરી. ન બો૦

માટે ચાલ જીવ હવે રડીને શું કરવું, પ્રાઃતસકાળે પિઆણો તેડાવી સસરાજીને કહી, પિયરે જવું તેજ ઉચિત છે, હવે આં રહીને શું કરવું—મારા પ્રારબ્ધમાં હશે તે થશે, હવે આલ જરા આડી થઉ (સુઇ રહે છે પણ દીલને ચેન નહી પડવાથી પાછી બેઠી થઈ બોલી.)

(ગીતી.)

કળ નથી કાંઇ પડતી, આભુષણ લાગે છે અંગારા
સ્મર શત્રુ થઈ મા'રો, અતિ અકળાવે સ્વામી અંગસારા
વેશ્યા હતી જો વા'લી, તો શીદ પરણ્યા પ્રેમ ધરી પ્યારી

નિંદ્રા નામ ન આવે, હાય પ્રભુ શી ગતિ થશે મારી.

એમ સોચ કરી લીલાવતી તરતજ નીંદ્રાદેવીને વશ થઈ ગઈ, પ્રાઃતસકાળે પોતાના સસુરાજીની રજા માંગી પોતે માણુસને લઈ, પોતાના પિયર તરફ ચાલતી થઈ.

પણે ઘણા દીવસ વ્યતિત થયા પણ સુમતિવિલાસ હજુ સુધી આવ્યો નહીં, તેમ જાણી કામસેના, પોતાની સખી પ્રતે કહેવા લાગી.

કામસેના— (ગીતી)

નાથ સખી કેમ નાવ્યાં, હજી સુધી આ મંદિરીએ મા'રા
સ્મર શત્રુ સંતાપે, તજુ હું પ્રેમે પ્રાણ રહીત પ્યારા

(સુમતિવિલાસને આવતો જોઇ તેની સખી બોલી)

કળાવતી—

આગ કરે શું આલી, રજતો ધીરજધર આ સુમતિ આવ્યાં
ભરજોબન લે ભેટી, ભામની તારા મન વિશે ભાવ્યાં.

કામસે— (સુમતીનો હાથ ઝાલી બોલી)

(અહો પ્રાણપ્યારા દુભાવો ન દારા) એ રાહ.

ભલે આજ ભેટયાં, ભરથાર ભાવે;
ભરથાર ભાવે ભરથાર ભાવે—ભાવે—ભાવે—ભલે૦
મોહન મુજને મે'લી ગયા પણ—
નિંદરડી નાગ નહીં આવે—આવે—આવે— ભલે૦
શયન ભૂવન સૌ સુના આ લાગે
ફુલની ચાદરો નહીં ફાવે—ફાવે—ફાવે— ભલે૦
ધીરજ ધારી ઝરૂખે જોતી
ચતૂક ચંદ્ર જેમ ચા'વે—ચા'વે—ચા'વે— ભલે૦
આપ પધારી, કીધી ઉપગારી.
આનંદ ઉર નહીં માવે—માવે—માવે— ભલે૦

હવે જવાનું નામ ન દેશો.
જાવતો જરૂર જીવ જાવે—જાવે—જાવે— બાલ૦

સુમ—(જરા ગારૂં કહ્યું એની' ગાન) એ રાહ
પ્યારી તને તજુ તે હું કેમ—ટેક
મોહ તજી મનમાં, એકલી ભૂવનમાં
મૂકી આવ્યો પર્ણી મારી, હૈયામાં હીમ્મત ધારી
પ્રેમી આવ્યો તારી પાસે. થાવાનું હશે તે થાશે
ગિન જેવું જુદુ પડે, નળીઆથી જેમ. પ્યારી૦
પીતાજીના પાપે ગયો, પર્ણીને જરા ન રહ્યો;
શત્રુના સમાન લાગે, વેણુ એના બાણુ વાગે
ભોગ એના શોગ શાનો, મને લાગ્યો તારો તાનો
જેવી આવિ હીંઆં, પાછી જશે તેવી તેમ. પ્યારી૦

કામ—ધન્ય છે. પ્રાણુપતી આપને તો હાનુંજ ઘટે છે. પ્રિત કરી તો કરી જાણવી નહી તો કરવી નહીં. એમ કહી બંને જણા સુખમાં દીવસ નીર્ગમન કરવા લાગ્યા.

અહીંઆ લીલાવતી પોતાના પીયર આવી, માત પીતાને મળી પોતાની સખી ગુણુવતી સાથે પોતાના બાગમાં જઇ, વિશ્રાંતી લેવા એક ચંપાના ઝાડ નીચે બેઠા, તેવારે ગુણુવતીએ લીલાવતીને ઉદાસ થએલી જોઇ, સાસરેથી આવવાનું પ્રયોજન પુછ્યું.

ગુણુ— (ગિતી)

બોલ લીલાવતી બેની, મોચ થયો શું તુજને સાસરીએ;
દસ દીવસમાં આવી, કેમ તું માને, મળવા મહીયરીએ.

લીલા— (સખીથી છાનુ નહીં રાખતાં લીલાવતી બોલી)

(મેરા ગગકા તરાના સુનીએ પીયાના) એ રાહ
સખી શું રહું મા'રૂં, ભાગ્ય નઠારૂં, કે'ને કરૂં હવે કેમ
નથી સાસરે સારૂં, સુખ ન ધારૂં, ભાગ્ય નઠારૂં. કે'ને૦
વેસ્યાને વા'લો વાલમ વા'લી, તજી ગયો તતકાળ
વાત કરી નથી મેં વર સાથે, લંપટ વેસ્યાના લાલ
વલ્યા અર્ધીએ વારૂં, વેસ્યા ત્યાં ધારૂં, ભાગ્ય નઠારૂં. કે'ને૦
રડી રડી દીન દસ રહી પણ, આવ્યા ન મંદીર માંહ્ય
પિયાણો તેડાવીને પીયર આવી, થાકીને બે'ની આંહ્ય
માત તાત ન મા'રૂં, જાણેનો સા'રૂ, ભાગ્ય નઠારૂં. કે'ને૦

આ કેહેતાને વારલીલાવતી મુર્છા ખાઈ ગઇ, તેને સાવધ કરી તેની સખી બોલી.

ગુણ— (ગીતિ)
શું? બોલે તું બાળા, છેલ છબીલી રડ નહીરે' છાની
હોય હવે શું કરવું, દુર વ્યસની ગણીઓ છે દીલજાની
ગારાસગ લે માની. ખમા તને ખાલી શું ખેદ કરે
રડી રડી થઇ રાતી, ચક્ષો શાને નયણે નિર ભરે
વિપત્તિએ સૌ વા'લી, ધિરજધારી સે'વું સમભાવે
દીન દશાનું ચક્ર, મનુષ્ય માત્રને શિર ફરતું આવે

માટે ઓ મા'રી પ્યારી બેહેન પરમાત્માનું શમરણ કરી હાલ અહીંયાજ સુખમાં દીવસ નીર્ગમન કરો, તારો સુભાગ્યનો દીવસ આવશે, એટલે તારો સ્વામી તેની મેળેજ સારો થશે.

લીલા—(સુધડનાર શયન કર્યું કેમ રાન) એ રાહ.
સખી હું ભુલી શરીરનું ભાન, માન કર્યું ધરી ધ્યાન. સખ૦

અલગણુ પાણી બની અજાણી, ઢોળ્યું ન ધરી કાંઇ ધ્યાન સ૦
ધરમાદાના ધન લઇ કીધું, મુનિવરનું અપમાન. સ૦
વાપી તળાવની પાળો તોડી, જંગલે લુટી હરી જાન. સ૦
કુડી શાખ પુરી સરકારે, ભરડયાં સજીવન ધાન. સ૦
ધાવંતા બાળ વિછોવિયાને, રઝળાવ્યા કાંઇ રાન. સ૦
પાપે પૂરવના આવી મળ્યો આ, નિર્ગુણી કંથના દાન. સ૦

આમ વાત કરે છે તેટલામાં લીલાવતીની ગા સૌભાગ્યવતીને આવતી જોઈ ગુણવતી બોલી.

ગુણુ— (ગીતી)

આણીગમ આવોને, કાકી કહું શું હું તમને આજ
લીલાવતી બે'નીને, પુછો ઉદાશી આજ છે શા કાજ

સોભાગ્ય—(તેરી માનીંદ આલમમે) એ રાહ.

દીસો દીલગીર દીલે શાની, બોલો લીલાવતી બે'ની
પડયું શું કષ્ટ છે કાંઇ, થયું મુખ મ્લાન મુઝાઈ
શાણી કહે તું શરમશાની, દીવાનો છે શું દીલજાની.
આવીતું આમ અકળાય, દાખોએ સુખ દુઃખદાય
સાસુ નણદી શું સંતાપે, ખાવા પીવા શું ના આપે
ખરી વાતો અહીં બોલે, જુઠું તું ના જરી બોલે

લીલા— (ગિતી)

સુણ માતાતું મા'રી, મુજ વાલમ છે વેશ્યાનો યારી
આવે ન મંદિર મા'રે, દસ દિવસ મે કાઢ્યાં દુખીયારી

સોભાગ્ય—[ધીરજ દઇ છાતી સાથે ચાંપી].

(ચલ ન કરે બલે) એ રાહ

ફીકર પરહરી, રૂહો ડાહી દીકરી—ટેક
પિઉ તારો પાંસરો નથી, ઉપાય હાલ નહીં કહું કશી
થાશે તે ઠીક, ધર ન બીક, નયેણુ નીર ભરી. રહો૦
પુત્ર સમાન પ્રેમ રાખશું, વા'લી સૌચા મનમાં વશું
શ્રી જીનરાજ, આતમકાજ, ધ્યાનમાં લે ધરી. રહો૦
માટે ચાલ બેન જમી લે, રસોઇ ટાઢી થઇ જશે

લીલા—માજી પધારો હું આપની પુંઠેજ આવુંછું એમ કહી તેની માને વિદાય કીધી, બાદ ગુણવતીને કહેવા લાગી.

(ગીતી.)

સુણ સાહેલી મા'રી, વરવિણુ શાથી જન્મારો જાશે.
ગુણ—પતિવ્રતા તું પ્યારી, તેહ પ્રભાવે સદા સુખી થાશે.

માટે ચાલ બેહેન જમીલે, તારી માતુશ્રી વાટ જોઇ બેશી રહ્યા હશે. એમ કહી ગુણવતી લીલાવતીને લઇ ભોજનશાળામાં ગઇ અને પછી ના દીવસ, "લીલાવતી ત્યાંજ નીર્ગમન કરવા લાગી.

એમ કરતાં કેટલોએક કાળ વ્યતિત થયો જાણી, સદાફળ શેઠ પોતાની સ્ત્રી સેંજલદેને કેહેવા લાગ્યા.

સદાફળ—કેમ પ્રિયા હવે પુત્ર વધુને, આણું કરવા મોકલીશું કે નહીં?

સેંજલ—દસરાએ જઇ પાછા આવ્યા તો દીવાળીએનો કરવું.

સદાફળ—પ્રિયા આપણે મન તો દસરાને દીવાળી સદા હોળી જેવુંજ છે, મારીને દીકરાએ તો દુનિઆપાર

કરી નાંખ્યા છે, માણસ મોકલે પણ વહુનો બાપ વહુને મોકલે તેમ જણાતું નથી કારણ કે, પુત્રના લક્ષણ પારણાંમાંથી જાણે છે,

સેજલદે—ત્યારે પ્રાણનાથ આપ પોતે પધારો, ગયા વગર ચાલે તેમ છે, ગાડા ઘરમાં તૈયાર છે. વાટ કોની જોવી છે?

સદાફ—(તૈયાર થઈ) (દીલદારી કીની રે) એ રાહ.

સુણ પ્યારી માનીરે, અરે એ હું જઉછું
ત્યાં જઈને, ધિર દઈને, બહુ કહીને, વહુને લાવું
પણ લાચારી ધારીરે. સુણ પ્યારી૦
ઘડપણમાં હું મન ગભરાવું, પણ લોકીક લાજે ત્યાં જાવું.
રડવડતા, લડથડતાં, પડતાં જઈએ પ્યારી હારીરે. સુણપ્યારી૦

એમ કહી સદાફળ શેઠ સારંગપુર શહેરમાં લીલાવતીના પીએર આવ્યાં, ત્યાં આગળ, લીલાવતી પોતાની સખી ગુણવતી સાથે, પોતાના દુ:ખની વાત કરતી હતી ને, તેના માત પિતા, બંનેજણા બહાર ઉભા હતા, તેઓએ સદાફળ શેઠને જોતાંજ, અજાણ્યા થઈ બોલ્યાં.

સોમ-સોભાગ્ય—

(જય જયવંતા શ્રી અરીહંતા તુંહી ભગવંતા) એ રાહ.

કોને શેઠજી ક્યાંથી આવ્યા, ને ક્યાં જાશો શું છે કામ
સદા—લીલાવતીના આણે આવ્યો, વદો અજાણ્યા થઈ શું આમ
લીલાવતીનો સસરો હુંછું, શેઠ સદાફળ મારૂં નામ
ગુણ—હા? હા? ડાહાપણ જાણ્યું સરવે, શેઠ તમારે શું છે કામ
સોમ—નથી લીલાવતી, વાટમાં પડી

સોભા—વીસારી શું તમે, શેઠજી વઢી
ગુણ-તજાવ્યો નેહશું, એ નાથને નડી
સતાવા શેઠજી
લીલા—ના, ના, કહેશો તમે તમામ— કો'ને૦

લીલાવતીના ડાહ્યા બોલ સાંભળી શેઠને જરા હીમ્મત આવી તેથી લીલાવતીને કહ્યું

સદા— (ગીતિ)

સુકુળવંતુ સમજીને, જો આવો સાસરીએતો સારૂં
કાંઈક ઉપાય કરેથી, મેળવશો નીજનાથ વદુવારૂં

હાવા સસરાના વચન સાંભળી લીલાવતીએ પોતાના માત પીતાને કહ્યું—

લીલાવતી— (ગીતિ)

માત પિતા શિખ દયોને, જાવું સાસરે સસરાજી સાથે
કંથ મેળવું કોડે, આશિષ દયોને આ શિરપર હાથે.

સોમ—સુભા -(પુત્રીના મનની વાત જાણી)
જાવ સધાવો શાણી, સાસરીએ જઈને સુખમાં રેહેજો
મનવાંચ્છિત ફળ ફળજો, લલીત વચનથી સહુ રીઝવી લેજો

એમ કહી, શીખામણ આપી, સાસરતાસો કરી લીલાવતીને જવાની આજ્ઞા આપી, તે વારે તેની સખી ગુણવતી બોલી—

ગુણ—ત્યારે શું? બેહેન તું જવાનીજ કે?

લીલા—હા બેહેન? મારા ઉપર તારો પ્રિતીભાવ છે. તેવો સદા રાખજે, અને આ મારા વૃદ્ધ માત પીતાની સંભાળ રાખજે હું તો હવે જાઉ છું.

ગુણ—બેહેન તારા માત પીતાની તું જરાપણ ચીંતા ધરીશ નહીં, તું તારે સુખે સીધાવ, પછી માત પીતાની રજા લઇ લીલાવતી પોતાના સસરા સાથે સાસરે આવી.

પ્રકરણ ૩ જુ સમાપ્ત.

પ્રકરણ ૪ થું

લીલા—

(પોતાના એકાંત ઓરડામાં (સ્વગત)

હે પરમાત્મા હવે શું કરવું, જો મારા પતિને યુક્તી કરી, અહીં નહીં લાવું તો, મારો જન્મારો સર્વ વ્યર્થ જશે, માટે ચાલ સસરાજીને કહી દુઝણી મહીષીઓ મંગાવી. અજબ આહેરણી બની, વેશ્યા વાઘણની સાથે નાગણ થઇ, વેરવાળી, ભરથારને ભોળવી અહીંઆ લાવું તોજ હું ખરી (તેટલામાં સદાફળ, સેંજલદે, લાલબા વિગેરે ત્યાં આવે છે.)

સદા-કેમ વહુજી શો વિચાર કરો છો.

લીલા— (ગીતિ)

સસરાજી સાસુજી, સુણો યુકતી સોધી છે સારી
મહીષીઓ મંગાવો, મનમોહન લાવું થઇ મૈયારી

સદા—મહીષીયોછે ઝાઝી, અન્ય કહો તે પણ અહીંઆં લાવું
લંપટને લપટાવી. ઝટપટ લાવો તો ભાવે ખાવું

લીલા-કહો નણુદીને હેવું, ગણિકાનું ઘર એની બતલાવે.

સેંજ-લાલ તું જાને જોડે, દુરથી સુમતી દેખાડી આવે.

(જાય છે)

લાલ—

(ગણિકાના મેહેલ નીચે આવી લીલાવતીને કહેવા લાગી)

(બંધ કીધો બાપુ છે શું કામ).

બાળી ઉભા રહ્યા મારા ભ્રાત. (૨)

જુવો પેલા ઝરૂખેરે, બાળી ઉભા રહયા મારા ભ્રાત ટેક.

દાતણ પાણી કોડે કરેછે, પાસે કુલટા કમજાત. જુઓ.

જાઓને બાળી થાઓ મેંયારી, લાવો ભોળવી ભલી ભાત; જુ

ઉપાય કળાથી એવો કરોને, વેશ્યા જાણે નહીં વાત. જુ.

જગ લાડીને જાણ થશે તો, કરશે અતિ ઉત્તપાત. જું.

લીલા—(સ્વગત) (પદ્મણી નીરખીરે) એ રાહ.

આખા અંગમાંરે, વાપ્યો અનળ અનંગ— આખા૦

સુંદર મનોહર મુરત દેખી, દીલડું હરખેરી

વાણી શાણી સુણતાં ચઢીયું, ચિતડું ચરખેરી

ચમક ચમક ચમકે ઘણું, ભાલ તીલક જેમ ભાણુ,

ભ્રમર ધનુષ્યમય સ્થીર થઈ, ગાર્યું મોહનું બાણુ;— આ૦

નિરમળ નયન નચાવે, વેશ્યા વા'લી સંગેરી

કામ કળામાં કુશળ એસા, રાખે રંગેરી

ભાગ્યવંત જે ભામની, મળશે આ ભરથાર

હું અભાગ્યણી કરકીહાં, આવે કામ અવતાર— આ૦


નખ શિખ નીરખી જોતાં દીસે, ડાહાપણ દરીઓરી

વેસ્યા યારી અવગુણ એ છે, એમાં ભરીઓરી

મહીયારી વેશે ત્યાં જઈ, કબજ કરૂં હું કંથ

જાવું હવે જાણે નહીં, હરથ ગ્રહી પડું પંથ

(જાય છે)


લીલાવતી મૈયારી
સુમતિવિલાસ.
લીલાવતીમૈયારી
સુમતિવિલાસ.

લીલા—(એમ વિચાર કરી "લીલાવંતી" મહીયારીનો સ્વાંગ ધારણ કરી માથે મટુકી મુકી કામસેના ગણિકાના મેહેલ નીચે આવી નિચે પ્રમાણે બોલાવા લાગી.)

લીલા—(મીઠડાં ગોરસ લ્યો ગોરસ લ્યો) એ રાહ

મીઠડું ગોરસ લ્યો, ગોરસ લ્યો
છે સૌને એ સુખકારીરે—મીઠડું
લ્યો નગરીના નર નારીરે—મીઠડું

(આ પ્રમાણે "લીલાવતી"ને બોલતી "સુમતિવિલાસે" ઝરૂખેથી જોઈ, તેવોજ અત્યંત મોહ પામી મનમાં કહેવા લાગ્યો?

સુમ—(ભરવાડણ જોઈ સ્વગત) અરે આતે મૈયારી કે ઈંદ્રની ઉર્વશી, આતે રંભા કે મેનકા, આહા! શું એનું સ્વરૂપ, આના આગળ મારી કામસેના તો કુબજા સરખીજ માલમ પડેછે, શું? એની ચાલ, જાણે ઘુમતો ગજજ ના હોય? એણીનું વદનતો જાણે, પુર્ણીમાનો ચંદ્રજ ના ખીલ્યો હોય, એની વાણીનું તો કહેવુંજ શું? જાણે આંબા ડાળે કોયલજ ટૌકી, આહા! ધન્યભાગ્ય હાવી સ્ત્રીઓનો ઉપભોગ કરનાર ઉત્તમ પુરૂષોને, મા'રા જેવા મુજીને તો આવું ફળ ક્યાંથીજ પ્રાપ્ત થાય, માટે ચાલ નીચે જઈ મહી મસે બોલાવી જરા મજા તો ચાખી લઊ.

સુમતિ—(નિચે આવી મહીયારીનો કર પકડી કહેવા લાગ્યો).

સુનો શાહ, એ બાત હમારી—એ રાહ
મા'રે મહી લેવું મૈયારી; આપો મટકી ઉતારી
વદો મહીનું મુલ વિચારી, તમે આજ—મમ કાજ—ટેક
આહેરણી અહીંઆ આવોરે, મુજ મન વિશે બહુ ભાવોરે
ચાખું પછી ભાવ જણાવોરે, મા'રે મહી લેવું મૈયારી.
આપો મટકી ઉતારી, વદો મહીનું મુલ વિચારી. તમે.
(તે વારે લીલાવતી હાવ ભાવના કટાક્ષે કરી બોલી)
લીલા—ગીરધારીરે વાત કહું તે વિચારો—એ રાહ
મનમોહનરે, મહીનું મુલ બતાવું, શાને તુમથી શરમાવું.
અવનિમાંરે, નહીં મહી મળશે આવું, શાણા હું શું સમજાવું

(ઝુલ)

મહી રોજનું રોજ મીલાવું, ગુણ મહીના શેઠશું ગાવું
ક્યોને ઘરમાં હું લાવું, હું અગથીરે, તમથી ખોટી થાવું. શાને.
સુત—મા'રા સમરે હમણા ઉભી રેહેને, હું વાત પુછું તે કેહેને
ભ્રગુટીથીરે, જોતું જાંખે જેને, બે ભાન કરે તું તેને,

(ઝુલ)

કહો નાતને જાત તમારી, વળી નામ વદો નિજ નારી
તું શેહેર કીએ વસનારી, કેવોછેરે—કંથનું નામ તું દેને. હું વાત.
લીલા—મનમોહનરે હું જાતે મૈયારી, છું રાજનગર રહેનારી
હનુઓછેરે, મુજ વા'લમ વીહારી, મમ નામ સોહાગણ સારી.

(ઝુલ)

તમો દીસો વણીક બ્યાપારી, શું? વાત ઘણી થવા ધારી
માટે પુછી જાત અમારી, પણ હમણારે હું નર સુની નારી. છું.

સુમ–છબીલીરે, આનંદ અતિ અકળાવે. સુણી મરમ વચન સુખ નાવે
લીલા–ગરજુજનરે,ગુણ પોતાના ગાવે, ફોગટ અહીંઆ નહીં ફાવે

(ઝુલણ)

આઘા રોહોને અલબેલા, શું ગતી ગઈ થયા ઘેલા,
વા'લાજી લ્યો ગહી વે'લા, હું જઉંછુંરે, કોઈક હમણાં આવે. ફોગ૦
સુમ–તું બોલેરે, વાત જવાની જ્યારે, ચિત્તડું ચમકાવે ત્યારે.
લીલા–હું ખોટીરે જો થાઊં અત્યારે, મા'રો ધણી મુજને મારે

(ઝુલણ)

ગાટે ગારગ મુકો માની, નહીં વાત રહે આ છાની
વેસ્યાએ વાત જો જાણી, તો તમનેરે, તડુકો કરશે ત્યારે. ગારો૦
સુમ–શું કરશેરે, ગુણકા રંડા ઘેલી, દે ઘુંઘટનો પટ મેલી
કહી દુઘતુંરે, મુલ કહો મન મેલી, કહું વાર છબીલી છેલી

(ઝુલણ)

યોવન વન ખીલ્યું તારૂં, એથી મન મોહ્યું મા'રૂં
હવે વિલંબ કરે શા સારૂં, મુજ માનીરે–થાતું વા'લી વે'લી.દે ઘું૦
લીલા–પ્રિતમજીરે, ધ્યાન તમારૂં ધરીએ, દેખે દુરીજનતો ડરીએ
ઉત્તમ આગેરે, શું મહીનું મુલ કરીએ, જાવાદો લાજન જરીએ

(ઝુલણ)

મુકો આંખ્યોના અણસારા, સૌ જાણ્યા વિચાર તમારા
શાંને પુંઠે પડયાછો મા'રા, અળગા રહોને–ઠામ નહીં આ ઠરીએ. દેખે૦

સુમતિ—(દેખી તેરી વફાદારી) એ રાહ

મૈયારી મોહનગારી, કેને વાત મને તારી. મૈયારી૦
અરેહાં, રેહાં, રેહાં, રેહાં,..................................મૈયા૦

તું ગમારથી ઘરબાર, કરીશો વિચાર, વહે સૌ ભાર
ઉમીચા અવતા..............................રી--મૈયા૦
વળી તુ ચંચળ ચિત ચોર, વાણી ગળ્યો ઢ ર, ચાલે ત્યાં શું જોર
વદોને વિચા..............................રી—મૈયા૦

લીલા— (સદર)

નહીં વાત વદો ન્યારી, લાગે પરની બહુ પ્યારી
અરેહાં, રેહાં, રેહાં, રેહાં..............................નહીં૦
છાની જોતા નથી નિજ છાપ, મુકીને બાપ, જપો રહી જાપ,
વા'લાને વિસા..............................રી—નહીં૦
આ કુલટાછે કમજાત, ભુંડણુની ભાત, તેનાથી વાત,
વદો શું વિચા..............................રી—નહીં૦
તમે ઉત્તમકુળ અવતાર, ગણિકાથી ઘરબાર, કરીને શો વિચાર,
વણાછો વિહા..............................રી—નહીં૦

સુમ— (ગીતિ)

ગુણવંતી ગણિકાછે, દુબળી નારી દેખીને ડરીએ.
લીલા—લાલ તગાચો મારી, લાલ મુખડું રાખીને ફરીએ
સુમ—મહીનું મુલ બતાવો, બોલ્યાવિણ કહો શી રીતે બનશે
લીલા-મહોર દીઓ મટકીની, એ વિણ મોહન મહી નહીં મળશે
એગ નહીંતો આવો, મોહન મહી માટે મા'રા ઘેરે
મહી માખણ ખુબ ખાશો. હું રાખીશ તમને રૂડી પેરે
સુમ-મુલ બરાબર બોલો, નાહક ગ્રાહક શીદને ચમકાવો
અઘટિત આ ન અડાવો, સત્ય વિચાર સલુણી સમજાવો
લીલા-આજ થકી નહીં આવું, આમ કરોના વેસ્યા વેહેમારો

મુકો પાલવ મા'રો, એ આવી ભુંડણુ મુજને ભાસે
ન્યાત જાતનો બોજો, કાહાને શેઠજી શી રીતે સેહવો
હનુઓ જો જાણે તો, લઈ આડુને ફરી વળે હેવો
દહી દુધનું શું દાખો, અર્પણુ તમને અંગ કર્યું આખુ
ખાઓ પીઓ ખુબ ખેલો, રોજ હવે હું મુજ મંદીર રાખું

(આ બધી ચેષ્ટા જોઈ, કામસેના ઝરૂખેથી નીચે આવી, લીલાવતીને, ક્રોધ કરી ધીક્કારથી કહેવા લાગી)

કામ—(ક્ષત્રીકલંક કેમ લેશેરે) એ રાહ

મો'ત આવ્યુંછે, ગહીયારી તારૂં આજ—ઠગારી ઠગવાશું આવીરે—ટેક

કળા કેળવીને આવી શાને કાજ. ઠગા૦
જોયો ઝરૂખેથી તારો બધો તાલ. ઠગા૦
છાના કપટથી આવીછે છીનાળ. ઠગા૦
સિંહભક્ષ લેવા આવીતું શિયાળ. ઠગા૦
આતો ગાટી હશે ખુટયો તારો કાળ. ઠગા૦
ભુંડી રાંડ રબારીની કમજાત. ઠગા૦
લેને ગટકી ઉપાડી મારૂં લાત. ઠગા૦
માગે તું શું ગટકીની અલી મો'ર. ઠગા૦
ચાલી જાને દીસે ચોખી તુંતો ચોર. ઠગા૦
હવે આવીછે જોતું મારે આવાસ. ઠગા૦
નક્કી જાણજે કરીશ તારો નાશ. ઠગા૦

લીલા—(પુર જુસ્સાથી) (સદર)

અલી કોણ તું કેહેનારી કમજાત—ફરંદી ફટ ફટ તુનેરે.

કોની પુત્રી તું બતાવ્ય તારો તાત. ફરંદી૦

રાંડ રાખ્યુ નહીં પાણીનું તે પાણ. ફરંદી૦
ગાત તાત કુળ ડુબાવ્યું તમામ. ફરંદી૦
રાંડ રોકે શું હું તારી શી વીશાત. ફરંદી૦
રોજ આવી રમું રંગે ભલી ભાત. ફરંદી૦
વેસ્યા સંગી નર પછીથી પસ્તાય. ફરંદી૦
તેતો ઝાહેરછે આખા જગ માંહ્ય. ફરંદી૦
આવું મેહેતાજી પાસે હું મા'રી શોક. ફરંદી૦
માટી મા'રા એછે મુકય મોટી પોક. ફરંદી૦
તારા બાપની મારે શી ઓશીઆળ. ફરંદી૦
જુઠું મુકયુ આળ ખુટયો તારો કાળ. ફરંદી૦
મારૂં ફોડી ફેંકી દેજે હૈયા ફુટ. ફરંદી૦
હુંતો આવીશ હવે તું ગાથુ કુટ. ફરંદી૦
આગથી અભાગ્યણી કરે હુંકાર. ફરંદી૦
દગાખોર નથી તુંથી ડરનાર. ફરંદી૦

(એમ કહી સામ સામી લઢી પડેછે, તેથી સુગતિવિલાસ, વચગાં આવી, બંનેને જુદી કરી કામસેના પ્રતે રીસ કરી કહે છે.)

સુમતિ— (ન બોલ તારા તારા) એ રાહ.

ન બોલ કામસેના, (૨) હું પોપટ એ મેના. ન બોલ.
મળ્યા જીવ બેના, વિખુટા પડેના, પગે પડી તેના. ન બોલ.
જુદા હતા જીવ જેના, આવિ મળ્યા બેહુ એના;
હવે તો વળેના, ગમે તું બળેના, પગે પડી તેના. ન બોલ.
વિચમાં આવી તું વઢી, છે નફટ કે નાદાન તું;

નિચાગાં નિચી નિર્લજ નારી, વેશ્યા છે હેવાન તું,
નક્કી ગાર ખાઈશ તું, સલુણી તારૂં નહીંજ સાંખે,
છાની ગાની જા કહ્યું,ભુંડી આ કેહેવું ગાન તું કામસેના.ન બો૦

કામસેના–(સુમતિ પ્રતે ક્રોધથી) ગીતિ.

આમ લઈ ઊપરાણું, ધણી થઇ શું મુજને ધમકાવે,
સુમ–રંગમાં ભંગ કર્યો તેં, ખચિત્ત તારે મારછે શું ખાવે.
કામ–મહીઆરી મુખ દેખી, બાર વરસની પ્રિતિ પલટાવી,
નંદના ફંદની રીતી, શરમ તજીને જુઓ આ જણાવી.
સુમ–આ મહીયારી આવે, ક્રોડ દીવાળી મુજ મંદિર દીસે,
તું વેસ્યા વન્હિમાં, ખાખ બળી થા રાખ ભરી રીસે.

કામસેના— (સુમતિની દરકાર નહી રાખતાં.)

ધિક્ક ધિક્ક ધિક્ક, શેઠ વેણુ શું સુણાવે.
સ્નાન સુતક શું મા'રે, જાવે બની બાવે. ધિક્ક.
ધન માલ ધુતી સારૂં, જણાવે છો જુતી ગારૂં;
વા ખાતી તે કરી વારૂં, કાહોને શું કહાવે. ધિક્ક૦
ના કેહેતા ઘાલે ઘર નિત્તે, આ રંડાને રૂડી રીતે,
વણીકની પ્રીતે ચિતે, જગ આ જણાવે. ધિક્ક૦
આજથી કરે અદીઠું, મહીયારીમાં દીઠું મીઠું,
બાંધો પ્રીતિનું ત્યાં પીઠું, શેઠજી સીધાવે. ધિક્ક૦
નફ્ટ થઈ ના આવે, જાઓને શું મોં' બતાવે;
ખરે ખાલી ધપ્પા ખાવે, લાજ નહીં લાવે. ધિક્ક૦

(આમં ધિક્કાર આપી કામસેના તરત પોતાના મેહેલમાં ચાલી ગઈ, આ લાગ જોઈ લીલાવતીએ સુમતિને જેરકરવા, સુમતિ પ્રત્તે કહ્યું.)

લીલાવત.—(સાંભળો શું બોલો તમારા રાણી) એ રાહ.
સાંભળો શું સ્વામી વચન આ, (૩) ટેક.
ચતુર જુઓ શું અહીંથી ચાલો, મુજ મંદિરે મોહન મા'લો;
પ્રેમે પ્રિયાને પ્રિતમ પાળો, ચાલો, મા'લો, પાળો, વચ૦ સાં૦
એ, રંડાનુ મુખ ન જોવું, વેસ્યા ભુવનને શેઠ શું રોવું,
ખાલી ભુંડણથી ભુષણુ ખોવું, જોવું, રોવું, ખોવું, વચ૦ સાં૦
પુઠે પુઠે પ્રેમી પધારો, આંહી એકાંતે વાસ હમારો;
શેઠજી મા'રી વીનતિ સ્વીકારો, ધારો, ગારો, કારો, વચ૦ સાં૦

(એમ કહી લીલાવતી "સુમતિવિલાસ" નો હસ્થગ્રહી પોતાના ઘર તરફ ચાલતી થઈ, આ બનાવ જોઈ કામસેના ગણિકા, પોતાની સખી કળાવતી સાથે સુગતિનો વિરહ થવાથી મેહેલની બારીએ બેસી છેડાવાળી રડવા બેઠી)

કામસેના— (કરમની છે ગતિ ન્યારી) એ રાહ.
સખી આ શી? દશા મા'રી, પડયું છે, કષ્ટ બહુકારી. ટેક
સુમતિની સોબત કરી, રાખ્યો પ્રિતે પાસ;
મહીયારી મોહે ગયો, પાડી તનમાં ત્રાસ,
હરી ગઈ ધન ધુત્તારી, ખરે બહુ કીધી ખુવારી. સખી૦
સાડાબાર વરષની, પ્રીતિ તોડી તેહ,
છાનો છટકીને ગયો, છીનાળથી દઈ છેહ,
વણીક નવ જાત વિચારી, કરી મે હાય શું યારી. સખી૦
ક્રોધે બોલી કારમું, રીશ ન રાખી રંચ;
જાણ્યો નહીં મે પ્રથમથી, સૌ એનો પરપંચ,
હવે હું તો રહી હારી, ગરૂપી ઝેહેરની ઝારી. સખી૦

ખજાનો ખાલી કર્યો, દઈ મટકીની મોર;
જાણું પણ ઝાંઝી બહુ, ત્યાં શું ચાલે જોર;
નથી પાસે રહી પ્યારી, ફુટી બદામતો સારી. સખી૦
પર પુરૂષને પ્રેમદા, રાખી કરશે રંગ;
જોબન જાતા મુજસમી, આશા થાશે ભંગ;
રહો ધારી સહુ નારી, વદુછું વાત વિચારી. સખી૦
સુમતિના સ્નેહે કરી, વેશ્યાનો વેહેપાર;
વરજીને વળગી રહી, પણ દીધો ધિક્કાર;
કહું શું વાત વિસ્તારી, મળ્યા પ્રિતમ અને પ્યારી. સખી૦
બરવાડણ નહીં બાળતું, હતીજ એની નાર;
છળથી છેલ હરી ગઈ, ગણિકા થઈ ગમાર;
બનાવિ હાય બીચારી, ગતિછે દૈવની ન્યારી. સખી૦
એ વિણ અન્ય પતિ હવે, સર્વે ભ્રાત સમાન;
જોગણ થઇ જંગલ ભમું, સુનું જ્યાં સમશાન;
હવે એક નથી બા'રી, સુણે તું તો સખી મારી. સખી૦

કળાવતી—(તેને શાંત કરવા).

(દીલબશરકો ગુજર બેહેલાઈએ) એ રાહ

શાને સોચ કરી બેઠા બા'રીએ, વદુ વેણ તે આપ ધ્યાનમાં ધારીએ
નહીં જાત વણીકની કોઈની, મારે મોહને છોડી મનને મારીએ.
એની કામનીએ કંથ ભોળવ્યો, બની આવી તેપાસ માન મહીયારીએ
હશે જે જેના તેતો તેના થશે, નંદફંદનો નેહ તેથી નિવારીએ.
રડી રડી આંખો કરી રાતડી, ગણિકા થઈ આપણેશું ગણુગારીએ
આ અવનિપર હેવા અનેકછે, એનો સંગ તજીને અન્ય સ્વિકારીએ

એમ એક પછી એક કીજીએ, આપણો કુળાચાર વા'લી વિચારીએ

કામસેના—(અત્યંત ખેદાયુક્ત) (ગીતિ)

ધિક્ક કુળાચારોને, અન્ય પતિને હવેછે શું કરવો
નરકતણા નિગાણા, ભવ ભવ બાંધી ભવ શાથી તરવો,

કળાવતી—(પોતાને પણ વૈરાગ્ય થવાથી)

મનમાં નવ મુઝાશો, સ્નેહધરીને રાખો તુમ સાથ
પ્યારી પ્રપંચ તજીને, ચાલો જોડે જપીએ જગનાથ

(એમ વિચાર કરી બંને સખીઓ, પોતાનો વેહેપાર વરજી પછીની જીંદગી, પ્રભુ સ્તવનમાં ગુજારવા લાગ્યા).

લીલા—(પોતાના પતિને, અન્ય આનંદ ગૃહમાં લાવી યુક્તિ કરી પુછવા લાગી.)

(નતિજા મીલ જાયગા) એ રાહ

પ્યારા આવી પલંગે પધારોરે, પ્રેમી આવી પલંગે પધારોરે—ટેક
જોર કરી ફરી અહીંથી ન જાશો, આ ઝાલ્યો મે હાથ. પલં.
આપ હુકમ આજથી હું, શિર ગા'રાપર ધરૂં.
ગણિકાને ગાંઠુ નહીં, હુ લોક લાજે નહીં ડરૂં
ભરજોબન ભરથાર ભૂપી, ભોગવો આ ભામની
કંઠે આવી કંથ મા'રા, ક્રોહાતો વળગે કામની
હનુઆના ઘરમાં હવે અમેના, સ્વામીજી રહુ સાથ. પલં.
લક્ષ્મીનું લેખુ નથી, વા'લા વિલાસો વા'લથી
હનુઓતો આવે નહીં, સત્ય કહું તમને કથી
અંતર રતિ નવ રાખો રસિઆ, નિર્ભય રહો સુખ સ્થાનમાં
ગણિકાને તજી તેમ મુજને, ભુલશો નહીં બેભાનમાં

સંશય ટાળીએ સાહીબ મા'રા, નેહ નજરથી નાથ. પલં.
કો'ને પરણ્યાં કે કુંવારા, કંથ કયાં ગઈ કામની
સગા વા'લાને વિસારી, ભોળવી કયાં ભામની
છે માત પિતા કયાં તમારા કયાં કુટંબ પરિવારછે
સત્ય બોલો સમ મા'રા, સમજાવો શું સારછે
પ્રેમે રહો પછી પ્રિતમ પ્યારા, સોહામણુ સંગાથ. પલં.

સુમતિ—(માત પિતા યાદ આવવાથી ખેદપામી)

(ખુશ રહો સન્મજા) એ રાહ

છે નગરશેઠ પુન્યવંત, પીતાજી પ્યારા
માતુ સેં'જલદે શેહેર, વસે આ સારા
પરણેલું સારંગપુર, પ્રેમદા ત્યાંછે
અનુસારે દેખું તુજ, એજ સમ ત્યાંછે
મહીઆરી માન નવ માન, માનની મા'રી
નિર્ખુ તુજને જેવાર, સાંભરે નારી
સરવે સુંદિરતા દીસે, તુજ સમ તેની
ઊંચી નીચી સૌ મળી, આકૃતિ એની
મેં તજયો સ્નેહીનો સંગ, કરીને યારી
વા'લી વેસ્યાથી થઇ, ખરી ખુવારી
હું ભાગ્યહિણ ભરથાર, ભામની ત્યાગી
ખુંડણના ભંભેરવાથી, ભિખ મેં માગી

લીલા—(ચાસન થવા)

(હરગુલ પડનેકા પઅેર) એ રાહ

સુણો સ્વામી અરજ ઉરધારી, એ સૈયર મા'રી—૨

સૈયર મા'રી, વિના વિચારી, નાથ કરીશું ન્યારી. એ.
સારંગપુરના શેઠની બેટી, નામે લીલાવતી નારી. એ.
મહીં મા'રૂએ નિત્ત લીએ છે, શિયળવતી સુખકારી. એ.
શોક તજો એ શાગાનો સ્વામી, મેળવું હું મહીયારી. એ.

સુમ—(મનમાં લપ વળગશે એમ ધારી)


(અરે મુવે છોડ મોરી બાંહરે)—એ રાહ

અરે જાવાદેને હેવી વાતના વિચારીએ—ટેક
સુતો સર્પ જાગે, આપે દુઃખ આગે
તુંછુ પ્યારી, મા'રી, વારી, જાણી તોરી યારીએ. અરે.
એનું કામ આંહી, નથી મારે કાંઇ
ગળ્યુ મન તારૂં મારૂં, શાને એ સંભારીએ. અરે.
રંગમાં રમીશું, સુખમાં રહીશું
એને આવે તને મને, બેને ભય ભારીએ. અરે.

લીલા—(પૂર્ણ હર્ષથી, ઝાહેર થવા)

(મે પથ્થરસે છુટી તાજુલમે)—એ રાહ.

હું મહીયારીછુટી, મોહન હું મહીયારીછુટી.
ભલું થયુંને ભવ ભાવટ ભાગી, મહીની મટકી ફુટી—મહી. મોહ.
પરણ્યા પ્રિતમ મા'રી સંગે, વાત નથી કાંઈ જુઠી—વાત. મોહ.
કળા કરીને વેરણ વેરયા, કપટીનેમે કુટી—કપ. મોહ.
જાનીવાસે જોર કરીને, પાલવ પકડયો ઝુંટી—પાલ. મોહ.
ચિર ખેંચી હીંડોળાપરથી, ભામની પાડી ભુંડી—ભામ. મોહ.
હજુ નિશાની કોહોતે આપું, નાથ નથી કાંઈ ખુટી—ના. મોહ.
આર્યાએ અર્ધાંગી મુકી, રાજ ગયાતા રૂઠી—રાજ. મોહ.


ગાય.

સુમ—(હર્ષાતુરે] (ગીતિ)
વિસ્મય થાઉ વા'લી, ક્રોડ દીવાળી દંપતિ દુઃખ ટળીઆં
મહીયારીના વેશે, માનની કયાંથી તમે મને મળીઆં.
લીલા—વેશ્યાથી વશ કરવા, મેં લીધો મહીયારીનો વેશ
કપટ કરીને કાપ્યા, કંથ, કામની, માત પિતા કલેશ.
સુમ—સત્ય વચન સહુ તારા, સુખ કરનારી શિયળવતી સારી
અક્કલ ગર્જતી મારી, પણ તે રશમો સરવે સુધારી
વેશ્યા લંપટ લાજી, અધિક ગુણશું હું તારા ગાવું
કલંક કુળનું કાપ્યું, દઈ સાબાશી દીલગીરતો થાવું.
લીલા—પીઉ પસ્તાવો મુકી, માત પિતાને હવે પાય લાગો
મારી ગુનાની માગી, ચાલો ચલવો સંસારી સાગો
(લીલાવતીના કહેવાથી સુમતિવિલાસ, "લીલાવતી" સહિત ત્યાંથી નિકળી પોતાના ઘેર આવી માત પિતાને મળી પગે પડી, માફી માગી બોલ્યો)
સુમ— (બનજારો)
માત પિતા વિનંતી મા'રી, સુણી દીઓ શીખામણ સારી
પુન્યવંત હું પાએ લાગું, ઘણો લાજીને માફી માંગુ
કર્યું અકૃત મે અવિચારી— સુણી૦
નવ નિતિની ભિતી રાખી, સૌ ઈજત ઊંધી નાખી
કરી ગણિકાથી મે યારી— સુણી૦
મે આજ્ઞા સૌની ઉત્થાપી, કુળની મરીઆદા કાપી
હું હવે થયો લાચારી— સુણી૦
કુળમાં ઉઠી અંગારો, કહ્યું નહીં રોકયો રેહેનારો
એ રશમ સહુ મે સુધારી— સુણી૦
સહુ લોકને દેખી લાજું, વળી પસ્તાવુછું ઝાઝું

રહ્યા રાત દીવસ સુખધારી— સુણી૦
સગજી સહુ સજ્જન સારા, તમે તજો આ છંદ નઠારા
ગમ વિતી જે મે વિચારી— સુણી૦

સદાફ–સેંજલ—(ધીરજ આપી) (ત્રીતાળી ચોપાઇ)
ભાવી ભાવે બન્યું બધું ભાઇ, હવેથી કરશો નહીં કાંઈ
ફુવા હર્ષ અતિ મળ્યા આજ, સાહ્ય તો થયા શ્રી જીનરાજ
તને લીલાવતી વહુ લાવી............................

લીલા.....................મે'તો મારી ફરજ બજાવી
ગયું દુઃખ થઇ સુખ શાતા, હવે આશીષ ઘો ગ રી માતા
સેં'જલ—વહુજી સદા સુહાગણ રે'જો.................

લીલા....................પાગે લાગું વૃદ્ધા માની લેજો
સે'જલ–તું છે પુર્ણ પતિવ્રતા નારી, લાવી સ્વામીને ઘેર સુધારી
હુજ સગ જે નારીઓ થાશે, તેના ગુણ આ જગમાં ગવાશે
થાજો પુત્ર તને પુન્યશાળી, વધારો વંશની વેલ વા'લી
જોડુ સુખમાં સદા ઘણું જીવો, પ્રેમે સંસાર સુખ રસ પીવો.

વાજીંત્ર–(સદાફળ શેઠને ઘેર આવી.) **ગીતિ.**

મોકલ્યા શેઠ શેઠાણી, લીલાવતીને સુઆવડ સારૂં,
સોમદત્ત શ્રેષ્ટિએ, મુકયાં તે તેડવાં સત્ય વદૂ વારૂં.

સે'જ–હાલ નહીં એ આવે, કેહેજો શેઠને સારંગપુર શેહેરે,
અન્ય વધુ નહીં મા'રે, માટે રાખીશ હું મારા ઘેરે.

(એમ કહી હાસ્ય વિનોદ કરી લીલાવતીને તેના પીયર વળાવે છે, બાદ કેટલેક દીવસે લીલાવતીને પુત્ર પ્રસવ્યાની સદાફળ શેઠને વધામણી આવવાથી સાકર વહેંચી, સજ્જન કુટુંબને સંતોષી, લીલાવતીને પોતાને ઘેર તેડી લાવે છે.)

સુમતિ—(લીલાવતીને), ચલન કર ભસે—એ રાહ

આનંદ ઉર અતિ, મળ્યા બંને દંપતિ. એ ટેક.
શરીર સારૂં તારૂં તો ખરૂં, આહા ઉમંગ હું શું ઉચરૂં,
સત્યનો જય, વા'લી વિજય, રંજ નહી રતી. મળ્યા.
સૂર્ય સમાન પુત્ર પામીયાં, વિયોગ દુઃખ દુરે વામીયાં,
સુખ સુખ સુખ, દાખુ ન દુઃખ, શાણી હે સતી. મળ્યા.
પુન્ય પ્રભાવે સર્વ પામીએ, ખચિત માનો મોટી ખામીએ,
કદી ન કર્મ, તજે ન શર્મ, ગહન છે ગતી. મળ્યા.

લીલાવતી— (ગીતિ.)

પૂન્યવંત પગ ધરશે, તે ઠામે વા'લા લક્ષ્મી વરસંત,
પૂન્ય વિહુણા પ્રાણી, મંમં માટે ઘર ઘર ભિખ માગંત.
સાર નથી સંસારે, સર્વ સહોદરમાં છે શ્રી ભગવંત,
કામ નહીં કો આવે, એક આશરો આપણુને અરિહંત.
પુત્ર હવે પરણાવ્યો, સ્થાપી પાટને સંજમ તો લેવું,
સુમ–ભામનીએ મુજ ભાવ્યું, રંચ હવે શું સંસારે રહેવું.

"**લીલાવતી**" ને "**સુમતિવીલાસ**" દિ હસ્ત જોડી પ્રભુ પ્રાર્થના કરે છે.

(કોઈ રંગકી ગરજી ક્યા જાને.) એ રાહ.

અમ ઉરમા આનંદ ઉભરાએ, મુનિ વાણીથી મન મલકાએ,
સંજમ થકી સુખ તો થાએ, છે કેહેવાએ, શાસ્ત્રો માએ —અમ
તે માટે દંપતી સુખદાએ, ચારિત્ર વૃત્તિ ચિત્તમાં ચા'એ,
પડી પ્રેમ થકી મુનિને પાએ, જે જન્મ મરણના ભય જાએ,
એવો સંજમ કરથી સા'એ, જેના જગમાં ગુણ તો ગાએ. તેમાટે,

(જાય છે.)

સુત્રધાર— (શ્રી જગતપતી)—એ રાહ.

સ્વધર્મી સજ્જનો, આ પૂર્વ પાપનો
બનાવ શું બન્યો જુવો, લીલાવતી તણો. સ્વધ૦
પરભવ પોપટ પુર્યો પાંજરે, સાડી બાર ઘડી
પોપટડી દુબાણી દીલમાં, આ બન એહ નડી. સ્વધ૦
તેહ પાપથી "લીલાવતી"એ, સાડી બારવરશ
વિરહ તણું દુઃખ વેહયું રહીને, પતિથકી પરવશ. સ્વધ૦
પૂર્વ પાપફળ પૂર્ણ કરીને, પડી આ પ્રિતી પાસ
લીલાવતીને સુમતી બંને, માંડે ગૃસ્થાવાસ. સ્વધ૦
કાળ વ્યતિતે પામ્યા પૂત્રને, નામે વિરવિલાસ
થયો મોટકો મહા બુદ્ધિબળ, કરી શાસ્ત્ર અભ્યાસ. સ્વધ૦
અનુક્રમે એક દીવસ ત્યાં આવ્યા, ધર્મ ઘોષ મુનિરાય
સુરી વાણીને દંપતિ સુણતા, દીક્ષાવૃતિ થાય. સ્વધ૦
પાટ પોતાના સ્થાપી પૂત્રને, આપ થયા અણગાર
સંજમ પાળી સુરગતિ પામ્યાં, બંને નરને નાર. સ્વધ૦
તેમ સ્વધર્મી સર્વ સજ્જનો, કરશો ધર્મના કામ
અંતે સુખ પામીને ઠરશો, જઇને શિવપુર ઠામ. સ્વધ૦
શ્રેષ્ટિ કુળે સુત શશિનો, અરજ કરીને આજ
ભૂલ ચૂકની માફી માગે, સરવે જૈન સમાજ. સ્વધ૦

સમાપ્ત.